॥ શ્રી ॥

પોતાના સ્વર્ગવાસી પિતા ચતુર્ભુજદાસ ખુશાલદાસજી
તા. વડીલ બન્ધુ સ્વ. વા. ગિરધરદાસજીના
ચિરસ્મરણાર્થ

સાર્થ ધર્મારણ્ય મહાત્મ્ય–

મોઢ પુરાણ–

ભેટ કર્તા –
દિવાન બહાદુર ગોવિન્દદાસ
ચતુર્ભુજદાસજીનો

કિંચિત્ પરિચય.

ઔરંગાબાદ (દક્ષિણ) | વૈદ્ય માણેકરામ શાસ્ત્રી
સં. ૧૯૭૬ માઘ શુદ્ધ ૫ | તરફથી.

श्री गणेशाय नमः।

॥ श्री सीतारामचन्द्राभ्यांनमः ॥

સહધર્મી બાન્ધવ!

આપણો પૂજ્ય ગ્રંથ "સાર્થધર્મારણ્ય મહાત્મ્ય-**મોઢ પુરાણ**" પોતાના સ્વર્ગવાસી પિતા ચતુર્ભુજદાસજી તથા વડીલ બન્ધુ ગિરધરદાસજીના ચિરસ્મરણાર્થ અને પરલોકમાં પુણ્ય પ્રાપ્ત્યર્થ, પોતાના મોઢ બાન્ધવના કરપંકજમાં શોભાવનાર મદ્રાસ નિવાસી દિવાન બહાદુર ગોવિન્દદાસજી છે. જેમની દાનશૂરતા-સ્વધર્મ નિષ્ઠતા-પરોપકારિતા અને સામાજિક હિતૈષિતા ઇ૦ અનુકરણ કરણીય સદ્ગુણોને લીધે ઉત્પન્ન થએલું યશ અને કીર્તિ આર્યભૂમિની આશાઓ[1] પરિપૂર્ણ કરે છે.

એમના પૂર્વજો એટલે વડાવાઓ સુધી એમને પોતાનું વસતિસ્થાન અમદાવાદ જ રાખેલ હતું. ત્યારપછી પોતાના બાહુબલની પરીક્ષા લેવા એમના વડાવા ગોલોકવાસી ખુશાલદાસજી અલ્પવયમાં જ મદ્રાસ ગયા અને ત્યાં નોકરી કરીને ટુંક સમયમાં જ વ્યાપારનો અનુભવ મેળવી સ્વતંત્રતાથી નહાના પાયા ઉપર વ્યાપાર શરૂ કર્યો તેમના પશ્ચાત્ તેમના સત્પુત્ર સ્વ૦ વા૦ **ચતુર્ભુજદાસજીએ** વ્યાપાર ચલાવતા પોતાના બાહુબલે કરીને થોડાજ સમયમાં એમનો વ્યાપાર મોટા પાયા ઉપર આવી ગયો. એટલું જ નહીં પણ, એ પુણ્ય પુરુષે પોતાની બુદ્ધિમત્તા, સત્યપ્રતિજ્ઞતા, વિનય, ચાતુર્ય યુક્તિ, સભ્યતા ઇ૦ કુલીન ગુણો વડે કરીને મદ્રાસના અને ઇતર પ્રાન્તોના વ્યાપારી વર્ગમાં સારી સાખ પેદા કરી, શ્રીમાનની ઉચ્ચ પંક્તિમાં આવ્યા. આ પુણ્ય પુરુષ પૂર્ણ સ્વધર્મનિષ્ઠ હતા; તે વડે તેમનામાં દયા, શાન્તિ પરોપકારિતા ઇ૦ ગુણો પૂર્ણ સ્વરુપમાં વાસ કરતા હતા. એમની દાનશૂરતા વધેલી હતી તેથી ચતુર્ભુજદાસજીને તેમના નામથી તો ઓળખે જ પરન્તુ મદ્રાસની પ્રજાનો ઘણો ખરો ભાગ તેમને **ધર્માત્મા-ધર્મરાજ** વિગેરે સંજ્ઞાઓ વડે ઓળખતો અને ઓળખે છે. ટુંકમાં એ પુણ્યશ્લોક પુરુષે મનુષ્ય દેહધારીનો જે મુખ્ય ગૃહસ્થાશ્રમ! તે આશ્રમને પૂર્ણ રીતે સાધી પોતાની જીવનયાત્રા પૂર્ણ કરી.

આજ કાલ અમારામાં ધાર્મિક શિક્ષણના અભાવથી બીજા પ્રકારના અંધેરો પ્રમાણે ગૃહસ્થાશ્રમને પ્રપંચરુપ-કાવા દાવા કરવા માટે સમજવામાં

---

1 (બીજો અર્થ) આશાઓ એટલે દિશાઓ અલંકૃત કરે છે.

આવે છે અને તે પાયે કેટલાએક અવળે માર્ગે ઉતરી, નવીન વિજળીના ચમકારામાં દીપતા અને તમામ જૂના વિચારોને તથા સનાતન ધર્મને તિરસ્કૃત દૃષ્ટિથી જોતા અને " ધર્માચરણના પોલડોળોથી ઉદ્યોગની અને સ્વતઃની હાની થઇ સામાજિક ઉન્નતિને પૂર્ણ વિઘ્ન આવે છે." એ પ્રમાણનો ડોળ બતાવી સ્વેચ્છાચારી બની સામાજિક ઉન્નતિનું, નીતિનું એવં દેશોન્નતિનું અને સનાતન ધર્મનું ગળું ઘૂંટનારા અમારા તે ભાઇઓએ પણ આ પરલોકવાસી પુણ્ય પુરુષથી ખાસ ધડો (શિક્ષણ) લેવા જેવું છે. સાધુશિરોમણિ તુકારામે કહ્યું છે કેઃ—

प्रपञ्च साधुनि परमार्थाचा लाव्हा घे नर तोचि भला ।

" પ્રપંચ-સંસાર ચલાવીને પરમાર્થનો જે લ્હાવો લે છે તે જ ખરો નર છે."

સાધુ શિરોમણિની ઉક્તિને આ વૃદ્ધ પુણ્યાત્માએ પોતાના સદ્ચારિત્ર્ય વડે સાર્થક બનાવી છે.

यथाबीजस्तथाङ्कुरः એ પ્રમાણમા નૈસર્ગિક સિદ્ધાન્તાનુસાર સ્વ૦ વા૦ ચતુર્ભુજદાસજીના બે પુત્રો ગિરધરદાસજી તથા (નહાનાભાઇ) ગોવિન્દદાસજી એ બન્નેમાં પોતાના પૂર્વજોના તમામ સદ્ગુણો ઉતર્યા. પોતાના પૂર્વજોએ કષ્ટ વડે મેળવેલી સમ્પત્તિને કેવી રીતે સાચવવી અને તેનો સદ્વ્યય કેમ કરવો તે સાથેજ તેમાં વધારો પણ કેવી રીતે કરવો ? એનું ચિત્ર એ બન્ને ભ્રાતૃ રત્નોએ, પોતાના પરસ્પરમાં વસતા સંપ, બુદ્ધિમત્તા અને સતતોદ્યોગ વડે કરીને જગતના સામે મ્હેલ્યું છે.

હિ૦ પરિચય નાયક દિ૦ બ૦ ગોવિન્દદાસજી પોતાના સદ્ચારિત્ર્ય વડે પોતાના પૂર્વજો કરતાં પણ ઘણાં આગળ આવેલા છે. એમને ધર્મોન્નતિ સામાજિક ઉન્નતિ દેશોન્નતિ અને વિદ્યાભિવૃદ્ધિ સાથે માતૃભાષાની ખાસ લાગણી છે. તેમજ **પોતાની જ્ઞાતિ વિસ્તારવાળી બને** એવી તીવ્ર ઇચ્છા રાખે છે; અને એ પાયે એઓ વારંવર પોતાના કીમતી સમયનો તથા મોટા દ્રવ્યનો ભોગ આપી દેશના જુદા જુદા ભાગોમાં પર્યટન કરી પોતાના જ્ઞાતિ ભાઇયોથી પરિચય કરે છે. એમનો એ પણ પ્રધાન ઉદ્દેશ છે કે, **જે જે ભાગો-પ્રાન્તોમાં પોતાના જ્ઞાતિભાઇયો પોતાના પ્રાન્તોથી બહાર કન્યા** લેવા દેવાનો **વ્યવહાર રાખતા નથી; એવા હાનિકારક ધારાઓ રદ કરવા, પ્રયત્ન કરવું.** કારણ, એઓ એ વાતને સારી
અને અમો પણ આ ઠેકાણે એમના વિચારોથી

કે જ્ઞાતિના આવા ધારાઓથી જ્ઞાતિમાં સાર્વત્રિક ઐકયતાનો પ્રતિબન્ધ થાય છે. અને જ્ઞાતિન વિસ્તારવાળું સ્વરુપ મળતું નથી અને તે પાયે એક તરફ કજોડ વિવાહ, અતિ બાલવિવાહ અને કયાં તો એક એક પુરુષને હાર્દિક ઇચ્છા વગર બબ્બે સ્ત્રિઓ કરવી પડે છે; ત્યારે બીજી તરફ કેટલાએક પ્રાંતોમાં તેજ જ્ઞાતિના નવયુવકોના એકવાર સુદ્ધાં લગ્ન નથી થતા અને જન્મભર વાઢા રહે છે.

ખરેખર! આવા રિવાજો જ્ઞાતિને ઘણાંજ હાનિકારક છે.

અમે ઇશ્વરથી પ્રાર્થિએ છિએ કે, એ મહાનુભાવના આ પવિત્ર હેતુઓ જલદી સફલ થાવ!

પોતાના પિતાના સ્વર્ગવાસ પછી એમણે પણ જે જે × લોકોપકારના કાર્યો નિઃસ્વાર્થ બુદ્ધિથી અને ઉદાર અંતઃકરણથી કર્યાં છે, તેની તેની અને એમની યોગ્યતાની કદર કરી મદ્રાસની સરકારે એમન **રાવબહાદુર-શરીફ** અને **દિવાન બહાદુર** એ પ્રમાણેની એક પછી એક માનસૂચક પદવીઓઆપી.

પોતાના અવાઢવ્ય વ્યાપારને ચાલુ રાખી તેવામાં સામાજિક અને ધાર્મિક સેવામાં ભાગ લેવો આટલા કામનો ભાર ઉપાડવો કે જે એક સાધારણ બુદ્ધિમાન્ મનુષ્ય ન કરી શકે છતા એવામાં **પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટનું** પદ ભોગવવા દિ૦ બ૦ ગોવિંન્દદાસજીને પાત્ર જાણી, તે પદનો સ્વીકાર કર। સરકારે માનભરી સૂચના કરી. તદનુસાર ગોવિન્દદાસજી **ઑનરરિ પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટનું** પદ ભોગવવા લાગ્યા. આ કાલ એક તરફથી સહેજ ધર્મ સંકટ જેવો ગણાય છે કારણ, સમાજનું અને લોકનું કલ્યાણ ઇચ્છનાર પુરુષને રાજસેવા કરતી વખતે કેટલીએક અડચણો નડે છે. તે વિષે એક કવિએ કહ્યુ છે કે,—

नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके ।
जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ॥
इति महति विरोधे विद्यमाने समाने ।
नृपतिजनपदानां दुर्लभः कार्यकर्ता ॥१॥

× આ વિષયના થોડી ઘણી હકીકત ઇ. સ. ૧૯૧૨ના જાન્યુઆરીના "મુમુક્ષુ" નામે અમરેલીમાં નિકળતા માસિકમાં તેના તંત્રીએ આપી હોય તેમણે જોઈ લેવી.

(ભાવાર્થ—રાજાનું હિત કરનારા પુરુષનો લોક દ્વેષ કરે છે. અને લોકનું હિત કરનારો પુરુષ-રાજાની પ્રીતિનું પાત્ર થવો કઠણ હોય છે. એ પ્રમાણનો જ્યાં મોટો વિરોધ સમાન રૂપમાં હોય છે ત્યાં, રાજાનું હિત સાચવી પ્રજાનું કલ્યાણ રૂપ કાર્ય કરનારો પુરુષ દુર્લભ હોય છે.)

આ ઠેકાણે કહેવું અસ્થાનિક નહીં થાય કે, કવિની ઉક્તિ પ્રમાણેનુ માન ગોવિન્દદાજીને ઘટે છે. સાથેજ એ પણ કહેવું જોઇએ કે, દિ. બ. ગોવિન્દદાસજી સરકારથી સમ્બન્ધ ધરાવે છે-યુવાન્ છે, પણ પૂર્ણ ધાર્મિક લાગણી ધરાવે છે. તે તરફ લક્ષ આપવા અમે અમારા તે ભાઇઓને પણ ભલામણ કરીએ છીએ કે જેઓ (ઘણાં ખરા) થોડું ઘણું પરભાષાનું જ્ઞાન ધરાવી અથવા તો એકાદ દિશાથી સરકારી સમ્બન્ધ રાખી વાણિયા, બ્રાહ્મણના વેષનો ત્યાગ કરી ઝટપટ સાહેબબાબુ અથવા જેન્ટલમેન (જેવા) બની જાય છે. એટલું તો અસ્તુ! પણ સનાતન ધર્મના સિદ્ધાન્તોને, આચરણોને કપોલ કલ્પિત-ગપોડા અને તે-સમાજને તથા દેશને હાનિકારક સમજી તે તરફ ઘૃણા કરે છે, અને પોતે દેશોદ્ધારકોનો ડોળ મારે છે. પણ એવાઓ ફક્ત બકવાદ સિવાય કાંઇ કરી શકતા નથી. એવા લોકોએ આવા આવા ધર્મચુસ્ત અને આત્મશક્તિ વડે બાહુબલ ખરચ કરતા ગૃહસ્થોથી જ શિખવાનું છે કે, સામાજિકસેવા અને રાજસેવા કેમ કરવી? તેમજ આત્મોન્નતિના અને દેશોદ્ધારના તે કયા માર્ગો છે અને શું શું ઉપાયો છે?

દિ૦ બ૦ ગોવિંદદાસજી પોતાની કાર્યકારિતા અને યોગ્યતા તેમજ પ્રજાના ઉચ્ચ વર્ગમાં વસતા કુલીન ગુણોમાથી વિનય, પ્રશ્રય, ચાતુર્ય, યુક્તિ ઇ૦ પ્રત્યેક ગુણ એમનામાં વસે છે, તે વડે કરીને વિસ્તાર પામેલો એમનો વૈભવ, એક રાજવૈભવનું ભાન કરાવે છે. અને (અમે જ્યાં સુધી જાણીએ છીએ ત્યાં સુધી) હિંદુસ્થાનમાં વસતા મોઢભાઇઓમાં એઓ સર્વ રીતે આગળ આવી પ્રસિદ્ધિ પામ્યા છે.

ભારતવર્ષમાં આગળ આવેલો વ્યાપારી વર્ગ તે જ પ્રમાણે મોટા શહેરોમાં વસતો સુસિક્ષિત વર્ગ અને આગેવાની ધરાવતો વર્ગ, હિંદવાસી વણિક માત્રનો વર્ગ, એમાંથી (ઘણે ખરે ભાગે) કોઇ વર્ગ એવો નહીં હોય જે દિ૦ બ૦ ગોવિન્દદાસજીના નામથી અપરિચિત હશે.

દિ૦ બ૦ ગોવિન્દદાસજી સર્વ સાધારણમાં ધાર્મિક સ્થિતિ વ્યવસ્થિત રહેવાની ઇચ્છા રાખવા સાથે વિદ્યાવૃદ્ધિનો અભિલાપ રાખે છે. જેની પ્રતી-

ચિમાં અનેક ઉદાહરણો વિદ્યમાન હોવા છતાં **મોઢ પુરાણ** સરખા મોટા ગ્રંથની સંખ્યાબદ્ધ ભેટ કાઢી આખા હિંદુસ્થાનમાં વસતા મોઢવણિક માત્રમાં એમણે પહેલ કાઢી છે જે એમના તમામ ઉદાત્ત ગુણોનું મૂર્તિમંત ઉદાહરણ છે.

આવા પુરુષોને જેટલો ધન્યવાદ ઘટે છે, તેથી તો કેટલાક ગણો વધારે ધન્યવાદ એમની માવડીયોને ઘટે છે. એક કવિએ ખૂબ કહ્યું છે કે,

(દોહરો)—**જનની જણજે ભક્તજન કાં દાતા કાં શૂર,**
નાહ તો રહેજે વાંઝણી મત ગુમાવિશ નૂર. ॥૧॥

સ્વ૦ વા૦ ગિરધરદાસજીના ચાર સુયોગ્ય પુત્રો—નારાયણદાસજી તથા કિશનદાસજી તથા હરિદાસ તથા ઘનઃશામદાસ છે. અને ગોવિન્દાસજીના પણ ત્રણ સુયોગ્ય પુત્રોમાંથી મોટા પુત્ર લાલદાસજી છે. આ સર્વે ભાઇયો હાલ અલ્પવયસ્ક હોવા છતાં દક્ષતા પૂર્વક ઘરના વ્યાપારમાં ભાગ લેવા લાગ્યા છે અમે ઇશ્વરથી યાચિએ છિએ કે, એ ભાઇયોને પોતાના પૂર્વજોના તમામ સદ્‌ગુણો વારસામાં મળો !

વિ૦ નિવેદન—" કિંચિત્ પરિચય" શાર્ષક (હેડિંગ) ને અનુરૂપ અત્રે ઘણુંજ ટુંકાવી લીધું છે. વાસ્તવિક તો આવા પુરુષોનું સાગ્ર જીવન ચરિત્ર લખાવવું જોઇએ. હવે રહ્યું એ કે, કોઇપણ બાંબતમાં મતભેદો યદા બે પક્ષ તો હોય જ છે. પરંતુ તેવા પ્રકારની ઉપસ્થિતિ પહેલાં જ તેનું થોડું નિરાકરણ કરી દેવું અત્રે યોગ્ય લાગે છે.

વસ્તુ સ્થિતિ તરફ દૃષ્ટિ કરતા પણ પ્રત્યેક વ્યકિત એ વાતને કબૂલ કરશે કે, " મહાન્ મહાન્ પુરૂષોના ચારિત્ર્યથી—પ્રાયઃ સદ્‌ગુણોથી લેખ અને બની શકે તો યોગ્ય અવસરે વકતૃત્વ દ્વારા પણ સર્વ સાધારણને જ્ઞાત કરી દીધાં જોઇએ; જેથી 'પ્રાણી માત્રને સુખ અને મહત્પદ મેળવવાની ઇચ્છા તો હોયજ છે' એ સૂત્રાનુસાર આવા આવા ચરિત્રો વાંચીને વા સાંભળીને ભાવી પ્રજાનું લક્ષ તે તરફ પોરવાય છે. અને તેને એવી ઇચ્છા ઉત્પન્ન થાય છે કે, જે જે પુરુષોના આ પ્રમાણના ચરિત્રો લખાય છે તેમણે એવા તે શા શા ઉદ્યોગો અને મહાન્ કાર્યો કર્યાં હશે? કે જેથી જગતમાં તેઓ આગળ આવી લોકપ્રિયતાના પાત્રો બન્યાં છે? એ પ્રમાણે તેમને જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે અને આગળ તેવાઓનું અનુકરણ કરે છે. અને જ્યાં આ પ્રમાણે થવા લાગ્યું કે, સંસાર સુધારણા અને સામાજિક ઉન્નતિનો પાયો દૃઢ-મજબૂત થાય છે.

આ વાતના સમર્થનમાં આપણા મહાભારત રામાયણ આ. હાસો અને ભાગવતાદિ પુરાણો વિદ્યમાન્ છે. પાશ્ચાત્ય વિદ્વાનો પણ વાતને પ્રાગ્ન્જલતાથી કબૂલ કરે છે. પ્રસિદ્ધ વિદ્વાન્ ગૂટે એ પણ લખ્યું છે કે " On the lives of remarkable men ink and paper should least be spared

(નામાંકિત નરોના જીવનચરિત્ર પાછળ શાઇ કે કાગળની સેહેજ પણ કસર કરવી જોઇએ નહિ ")

આ અવસરે અમો તેવા લોકને ગંભીર ભલામણ કરીશું કે, આવા વિષયોમાં પક્ષપાત કરી વ્યર્થ કાલક્ષેપ અને દ્વેષ કરવા કરતા સાર્વજનિક હિતની દૃષ્ટિથી આવા આવા નરવીરો જે પોતાના સમાજમાં અથવા જ્ઞાતિમાં હોય તેમનું ચરિત્ર ઘડી પ્રજાના સંમુખ મુકવું; જેથી અમારી સંસાર સુધારણા અને સામાજિક ઉન્નતિના મૂળિયાં ઊંડા ઉતરે परोपदेशे पाण्डित्यम् એમજ અમો નથી કરવા ઇચ્છતા પરંતુ આપણામાં અથવા તો બીજી પણ જાતિમાં જે જે એવા યોગ્ય પુરુષો જણાશે અને પ્રસંગવશાત્ જેમ જેમ અમે તેમના પરિચયમાં ઉંડા ઉતરી તેમના ચરિત્રથી જ્ઞાત થઇશું અને યોગ્ય લાગશે તેમ તેમ યથા બુદ્ધિ તેમના ચરિત્રો ઘડી પ્રગટ કરવા યોગ્ય રીતે પ્રયત્ન કરીશું. ॥ इति ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः



સુરત ખપાટીઆ ચકલા તાસવાળાની પોળમાં આવેલા "જૈન વિજય" પ્રી. પ્રેસમાં **ઇશ્વરલાલ કસનદાસ કાપડીયાએ** છાપ્યું. અને ઔરંગાબાદ દક્ષિણમાં આવેલા **વૈદ્ય**
માણેકરામ શાસ્ત્રી તરફથી પ્રગટ થયું.